સંઘ પ્રદેશ દાદરા નગરહવેલી અને દમણ-દીવ,
સહાયક મત્સ્યોદ્યોગ અધીક્ષક કાર્યાલય,દીવ
ઈમેલ- fish-diu-dd@nic.in

સં. એએસએફડી/એમએફવી-24/ફીશ/2025-26/215 તારીખ 26 /07/2025

# સાર્વજનિક સૂચના

આથી દીવ જીલ્લા ની દરેક બોટ માલિકોને તેમજ માછીમાર ભાઇઓ ને જણાવવામાં આવે છે કે આગામી ફિશિંગ સિઝન દરમ્યાન દરિયામાં ફિશિંગ સમયે ફિશિંગ બોટમાં સવાર ટંડેલ અને ખલાસીઓ ની સલામતી અને સુરક્ષા માટેના જીવન રક્ષક સાધનો ની જાણકારી માટે બોટ માલિકો અને માછીમારો ને નિમ્નલિખિત તાકિદ કરવામાં આવે છે :-

- દીવ જીલ્લાની સક્રિય ફિશિંગ બોટ માં ટ્રાન્સપોન્ડર સ્થાપિત (Installation) કરવામાં આવેલ છે અને બોટ માલિકો તેમજ બોટના ટંડેલ ને ઉપયોગ માટે તેમના મોબાઇલ માં google Play Store દ્વારા આપવામાં આવેલ લિન્ક દ્વારા https://play.google.com/store/apps/details?id=com.saankhya.nabhmitra "Nabhmitra" App ડાઉનલોડ કરી લેવાની રહેશે અને તેના પાસવર્ડ ફિશરીઝ ઓફિસ, દીવ દ્વારા આપવામાં આવશે. અને દરેક ફિશિંગ બોટમાં ટ્રાન્સપોન્ડર ને બેટરીમાં ડાઇરેક્ટ કનેક્શન આપવું તથા કયારેય પણ ટ્રાન્સપોન્ડર બંધ કરવું નહી. ફિશિંગ સિઝન દરમ્યાન આ ઓફિસ દ્વારા ફિશિંગ બોટોનું લોકેશન તેમજ ગતિવિધિ ની જાણકારી ના આધારે "DIUSAGAR" મોબાઇલ એપ માં ફિશિંગ બોટ ની આવક-જાવક તથા ડીઝલ માટે ની રિકવેસ્ટ ને મંજૂરી આપવામાં આવશે.
- બોટમાં પુરતા જીવન રક્ષક સાધનો – GPS, વાયરલેસ, લાઇફ જકેટ, લાઇફ (રીંગ) બોયા, રેડીયો, ટોર્ચ, ટ્રાન્સપોન્ડર અચૂક સાથે રાખવાના રહેશે તેમજ બોટમાં 1 થી 2 નંગ અગ્નિશામક (ફોમ પ્રકાર) ઉપકરણોની (Fire Extinguisher-foam type) ફીટ કરવા અનિવાર્ય છે.
- ફિશિંગ દરમ્યાન ડૉક્યુમેન્ટ માં ફિશિંગ બોટ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, ઓરિજનલ ફિશિંગ લાયસેંસ, ફિશિંગ જવાની મંજૂરી નું ટોકન સાથે ની વિગત PDF પ્રિન્ટ અથવા ટંડેલ ના મોબાઇલમાં PDF તથા ટંડેલ તેમજ દરેક ખલાસીઓ ના ઓરિજનલ PVC QR Code વારા આધાર કાર્ડ સાથે રાખવાનાં રહેશે. દરેક ફિશિંગ બોટ ને સચિવ (મત્સ્યોધ્યોગ) દમણ અને દીવ ના આદેશ મુજબ નિયત કરેલ યુનિફોર્મ કલર કોડ તેમજ રજિસ્ટ્રેશન નંબર મોટા અક્ષરે પેઈન્ટ કરેલા અને સ્પષ્ટપણે દેખાઇ તે રીતે રાખવાં જરૂરી છે.
- દરેક બોટ માલિકે પોતાની ફિશિંગ બોટમાં સવાર ટંડેલ તેમજ ખલાસીઓનો ની સલામતી અને સુરક્ષા માટે બોટમાં શોષાલય (Toilet) બનાવવું જરૂરી છે તેમજ ટંડેલ અને દરેક ખલાસીઓનો ગૃપ વીમો (Group Insurance) કરાવવો અનિવાર્ય છે.
- ફિશિંગ દરમ્યાન કોઈ સંકટ સમયે બોટ માલિક/ટંડેલ/ ખલાસીએ વાયરલેશ દ્વારા ભારતીય કોસ્ટગાર્ડ ની ચેનલ 16 અથવા ટોલ ફ્રી નંબર 1093 નો ઉપયોગ કરવો તેમજ બોટમાં ફીટ કરવામાં આવેલ ટ્રાન્સપોન્ડર નું Emergency Red બટન 15 સેકંડ સુધી દબાવી રાખવું.

ઉપરોક્ત જાણકારી અને સૂચના નું દરેક બોટ માલિકો, માછીમારો, માછીમાર એસોશિએસનો, માછીમાર સમુદાયો ગંભીરતા થી નોંધ લઈ દરેક બોટ માલિકો અને માછીમારો ને સલામતી માટે જાગૃત કરવા માટે સૂચન કરવામાં આવે છે.

(શિવમ મિશ્રા)
ડેપ્યુટી કલેક્ટર અને કાર્યાલયાધ્યક્ષ
(મત્સ્યોધ્યોગ), દીવ

સેવામાં,

1. પ્રમુખશ્રી, દીવ જીલ્લા ની વિવિધ મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ } જાણકારી તથા વધુમાં વધુ
2. પ્રમુખશ્રી, દીવ જીલ્લા ના વિવિધ બોટ/માછીમાર એસોશિયેસનો } પ્રચાર- પ્રસાર માટે
3. "દીવસાગર" મોબાઇલ એપ દ્વારા દરેક બોટ માલિકોને જાણકારી }